# Std 12 Gujarati Textbook Solutions Chapter 13 વતનનો તલસાટ

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો.**

**પ્રશ્ન 1. કવિને શેની ઝંખના છે?**

ઉત્તર :

કવિને જનની સહિતની વિદેશભૂમિમાં પૂર્ણ સંતોષ પામવાની ઝંખના છે.

**પ્રશ્ન 2. કોની સ્મૃતિથી કવિનું મન અતૃપ્તિ અનુભવે છે?**

ઉત્તરઃ

મા અને માતૃભૂમિની સ્મૃતિથી કવિનું મન અતૃપ્તિ અનુભવે છે.

**પ્રશ્ન 3. કવિનો વસવાટ ક્યાં છે?**

ઉત્તર :

કવિનો વસવાટ વિદેશમાં છે.

**પ્રશ્ન 4. કેવા રંગનું નિશાન કવિ જુએ છે?**

ઉત્તરઃ

ગેરુ રંગનું નિશાન કવિ જુએ છે.

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

**પ્રશ્ન 1. કોની સ્મૃતિથી કવિ વિહ્વળ બને છે? શા માટે?**

ઉત્તર :

કાલાગ્નિમાં વિલીન થયેલી તેમની માતાની સ્મૃતિમાં કવિ વિહ્વળ બને છે. કવિના વતનમાં પાણી ભરીને જતી પનિહારીઓ, પાકથી લહેરાતાં ખેતરો, ખંતીલા ખેડૂતોનાં મધુર ગીતો, ગંભીર વડલાનું ઝાડ, શંભુનું જીર્ણ દેરું, વાગોળતાં પશુઓ, મંદિર પર લહેરાતી ભગવા રંગની ધજા, વહાલી બહેન, લંગોટિયા મિત્રો વગેરે બધું જ છે પણ : તેમની મમતામયી મા નથી એ માટે કવિ બહુ જ દુ:ખી છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 2. કવિના પ્રાણ શાથી (ઉતાવળા) અધીર બન્યા છે? શા માટે?**

ઉત્તર:

કવિને વતનવિરહનો કારમો ઘા હૈયે લાગ્યો છે. તેની : વેદના દેહને નહિ પણ આત્માને વિહ્વળ બનાવે છે. તેથી જન્મભૂમિ જવા માટે તેમનો પ્રાણ પછાડા નાખે છે. મા વછોયું બાળક અને ધણ વછોયું પશુ જેવો તલખાટ અનુભવે લગભગ તેવો જ તલખાટ કવિ પણ અનુભવે છે.

જીરવી જીરવાય નહિ, કોઈને કહેવાય નહિ, જરા – પણ સહેવાય નહિ એવી વેદનાથી કવિ વ્યગ્ર બન્યા છે. ખુદની ત્વચા જાણે પોતાની જાત વડે ઉતરડાતી હોય એવી વેદના તેમના તન-મનને બાળી રહી છે.

જન્મભૂમિમાં ભેરુ, ભગિની વગેરે બધા મળશે પણ કાલગંગામાં વિલીન થયેલી મા નહિ મળે એ માટે કવિ અધીર બન્યા છે.

## 3. વિસ્તૃત ઉત્તર લખો.

**પ્રશ્ન 1. "વતનનો તલસાટ" કાવ્યમાં વ્યક્ત થતો કવિનો કલ્પાંત આલેખો.**

ઉત્તરઃ

રમણીક અરાલવાળા લિખિત "વતનનો તલસાટ' સૉનેટ કાવ્યમાં કવિને વતનવિરહનો કારમો ઘા હૈયે લાગ્યો છે. તેની વેદના દેહને નહિ પણ આત્માને વિહ્વળ બનાવે છે. જન્મભૂમિ જવા માટે કવિનો પ્રાણ પછાડા નાખે છે.

મા વછોયું બાળક અને ધણ વછોયું પશુ જેવો તલખાટ અનુભવે લગભગ તેવો જ તલખાટ કવિ અનુભવે છે. જીરવી જીરવાય નહિ, કોઈને કહેવાય નહીં, જરાપણ સહેવાય નહિ એવી વેદનાથી કવિ વ્યગ્ર બન્યા છે. ખુદની ત્વચા જાણે પોતાની જાત વડે ઉતરડાતી હોય એવી વેદના તેમના તન-મનને બાળી રહી છે.

જન્મભૂમિમાં પાણી ભરીને જતી પનિહારીઓ, પાકથી લહેરાતાં ખેતરો, ખેડૂતોનાં મધુર ગીતો, ગંભીર વડલાનું ઝાડ, શંભુનું જીર્ણ દેરું, વાગોળતાં પશુઓ, મંદિરો પર લહેરાતી ભગવા રંગની ધજા, વહાલી બહેન, લંગોટિયા મિત્રો વગેરે બધું જ છે પણ તેમની મમતામયી કાલગંગામાં વિલીન થયેલી મા જ નથી, એ વિચારે કવિની વેદના ચરમસીમાએ પહોંચે છે. જનની રહિત જન્મભૂમિથી અસંતુષ્ટ કવિને જનની સહિતની વિદેશભૂમિમાં પૂર્ણ પરિતોષ પામવાની ઝંખના છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 2. કવિની જન્મભૂમિનું શબ્દચિત્ર તમારા શબ્દોમાં આલેખો.**

ઉત્તરઃ

રમણીક અરાલવાળા લિખિત 'વતનનો તલસાટ' કાવ્યમાં માતૃભૂમિનો મહિમા પ્રગટ થયો છે. અહીં, વતનવિરહની વેદનાને કારણે કવિ વ્યગ્ર બની ગયા. માતૃભૂમિના વિરહનો કારમો ઘા તેનાં હૈયે વાગ્યો પણ વેદના તેનાં આત્માને કોરી ખાય છે.

મા વિનાનું બાળક, ધણથી વિખૂટું પડેલું વાછરડું જે તલખાટ અનુભવે છે, તેમ કવિ પણ માતૃભૂમિ વિના ઊંડો ઝુરાપો અનુભવે છે.

પોતાના વતનમાં પાણી ભરીને જતી પનિહારીઓ, પાકથી લહેરાતાં ખેતરો, મહેનતુ ખેડૂતોનાં મધુર ગીતો, ગંભીર વડલાનું ઝાડ, શંભુનું જીર્ણ દેરું, વાગોળતાં પશુઓ, મંદિરો પર લહેરાતી ભગવા રંગની ધજા, ઓછી ઓછી થતી બહેન, લંગોટિયા મિત્રો વગેરે બધું જ છે પણ તેમની મમતામયી મા જ નથી એ વિચારે કવિની વેદના ચરમસીમાએ પહોંચે છે. જનની રહિત જન્મભૂમિથી અસંતુષ્ટ કવિને જનની સહિતની વિદેશભૂમિમાં પૂર્ણ સંતોષ પામવાની ઝંખના છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in